કુદરતની બલિહારી : શૌચક્રિયા માટે નાસભાગ

માનવીની ગરીબાઈ અને નસીબ ના વાંકે કેવી મુશ્કેલીઓ ભોગવવી પડે છે તેને જ કુદરતની કે નસીબની યાદી કહેવાય. ૩-૦ થી સકલ-૬ સુધીના રસ્તા ઉપર વસતાં આદિવાસી શ્રમરોજી મજૂરો તદન કામચલાઉ ઝૂંપડા બનાવીને વસવાટ કરે છે. જેઓ શહેરના રસ્તા તથા મકાનોની બાંધકામમાં રોજી મેળવે છે. આ શ્રમજીવીના કુટુંબીજનોને રોજિંદી ક્રિયા માટે તકલીફો ભોગવવી પડતી હોય છે.

આજ સવારે સેકટર-૧૩ ધ-રોડ પર આ શ્રમજીવીઓના કુટુંબો સ્ત્રીઓ શૌચક્રિયા કરવા માટે જતા હતા ત્યારે કેટલાક વસાવતીઓ શ્રમજીવીઓની મુઢ માર તથા ધોલાઈ કરી હોવાનું લોક મુખે જાણવા મળે છે. ખરેખર શૌચક્રિયા / પ્રાતક્રિયા માટે પણ જીવનનું જોખમ થાય તે ગુજરાતના પાટનગરની કમનસીબી છે.

ગાંધીનગરમાં સરકારના અનુદાનથી મોબાઈલ ટોયલેટની સગવડ મળેલ છે. તો આવા શ્રમજીવી વિસ્તારોમાં ગોઠવીને શ્રમજીવીઓની રોજિંદી ક્રિયામાં મદદરૂપ થવું જરૂરી છે. તે માટે ગુડા, સ્વૈચ્છિક સંસ્થાઓ, તથા મહાનગર પાલિકાએ યોગ્ય ગોઠવણ કરવી એવી લોકલાગણી છે.

સેકટર-૨૧ના શૉપિંગમાં પાથરણાંવાળાઓની દાદાગીરી

ગાંધીનગરના સેકટર-૨૧ માં લાખો રૂપિયા રોકાણ કરીને વેપારીઓએ પોતાની દુકાનો, શૉપિંગ શરૂ કરેલ છે. જેથી તેમના ધંધા વ્યવસ્થિત ચાલી શકે. પરંતુ વહીવટીતંત્રની મિલીભગતના કારણે સેકટર-૨૧ ના શૉપિંગ, શાકમાર્કેટ તથા જાહેર ફૂટપાથ ઉપર શાકભાજીના, વિવિધ કટલરીઓ, ફ્રૂટસ, પગરખાં વગેરેના પાથરણાં બજાર ઊભા થાય છે. પરિણામે દુકાનોમાં પ્રવેશવા માટે તથા ફૂટપાથ ઉપર ચાલવા માટે મુશ્કેલી ઊભી થવા પામે છે.

કેટલીય વખતે પાથરણાંવાળાઓની દાદાગીરીના કારણે ગ્રાહકોને ઝઘડા થાય છે. અને વાતનું વતેસર થઈ જાય છે. આ પાથરણાં બજારમાં મળતી ખાદ્ય સામગ્રી તથા વસ્તુઓની ગુણવત્તા એકદમ ઉતરતી કક્ષાની હોવાથી આરોગ્ય સામે ખતરો ઊભો થાય તેમ છે. આરોગ્ય તંત્ર પણ ચકાસણી કરે તે પણ જરૂરી છે. સેકટર-૨૧ ના શૉપિંગમાં બીન કાયદેસર રીતે દબાણ કરતાં પાથરણા વાળાઓને તાત્કાલિક દૂર કરવાની જરૂરિયાત છે.

કપડવંજ ખાતે 'સંસ્કૃતિની સુગંધ' પુસ્તકનું લોકાર્પણ

કપડવંજની બે વખત એવોર્ડ વિજેતા સંસ્થા પૂ. હ. મહાજન લાઈબ્રેરી, કપડવંજ તરફથી 'સંસ્કૃતિની સુગંધ' ના પુસ્તકનું લોકાર્પણ તથા અભિવાદન કાર્યક્રમ તા. ૨૯મી એપ્રિલ સાંજે ૪-૦૦ વાગે કપડવંડ મુકામે યોજાનાર છે. કાર્યક્રમના પ્રમુખ સ્થાને શ્રી વિપુલભાઈ પટેલ, જીવન શિલ્પ શૈક્ષણિક ગ્રુપ કપડવંજ, મુખ્ય મહેમાન પદે પ્રોફેસર શ્રી ડૉ. શશીરંજન યાદવ, કુલપતિ, શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, અતિથિ વિશેષ પદે પ્રોફેસર શ્રી ડૉ. પ્રવીણભાઈ દરજી, ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે કવયિત્રી અને શબ્દોના સારસ્વત પ્રો. ડૉ. પુષ્પાબેન ભટ્ટની 'અચલા નિવોદિતા' તથા ડૉ. જશુભાઈ પટેલની બે કૃતિઓ વંદના અને પવિત્ર પ્રેમનું લોકાર્પણ કરવામાં આવશે. શ્રી વિનોદભાઈ ગાડી પ્રમુખશ્રી તથા શ્રી ઉદયભાઈ ત્રિવેદી મંત્રીશ્રીએ જણાવેલ છે.

રોહિદાસ સમાજ હોદ્દેદારોની જાતિ સામે ઉગ્ર રોષ

દલિત સમાજમાં રોહિત સમાજના સર્વાંગી વિકાસ માટે ભગવાનશ્રી રોહિદાસના નામેસ્થપાયેલ સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગરના આઠમા સમૂહ લગ્નની આમંત્રણ પત્રિકામાં મોટા ભાગે કોંગ્રેસી કાર્યકરો આમંત્રિત કરેલ છે. જેથી રોહિત સમાજ કોંગ્રેસી હોય તેવું જણાય છે. સમગ્ર સમાજને સંકુચિત મનોવૃત્તિવાળા બનાવી સમાજનો ભયંકર દ્રોહ કરવાથી સંસ્થા વહીવટદારોની નીતિનો સખ્ત શબ્દોમાં વખોડેલ છે. રોહિત સેવા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી, એમ. જે. આસોડિયાએ નિવેદનમાં જણાવેલ છે.

સોજા ગામના સરપંચ પદે મોતીભાઈ પ્રજાપતિ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૨૧

તાજેતરમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણી સોજા ગ્રામ પંચાયતની તીવ્ર રસાકસી ભરી ચૂંટણી યોજાઈ તી. સરપંચ તરીકે શ્રી મોતીભાઈ ધૂળાભાઈ પ્રજાપતિ જંગી બહુમતીથી ચૂંટાયા છે. જેઓ ૩૦ વર્ષથી સોજા ગ્રામ પંચાયતમાં સભ્ય તથા ડેપ્યુટી સરપંચ તરીકે સેવાઓ આપેલી હતી. તાલુકા ભાજપમાં કોષાધ્યક્ષ તરીકે ઉપરાંત વિવિધ મંડળોમાં સક્રીય યોગદાન આપેલ છે. શ્રી મોતીભાઈ પ્રજાપતિ વિજેતા બનતાં અભૂતપૂર્વ વિજય સરઘસ નીકળેલ હતું.

ગાંધીનગરમાં ૨૨મીએ ગઢવી સમાજ દ્વારા શ્રધ્ધાંજલિ સભા યોજાશે

ગુજરાતના સુપ્રસિધ્ધ લોકસાહિત્યકાર શ્રી હરસુર ગઢવીનું રાજકોટ ખાતે ૬૫ વર્ષની વયે દુઃખદ અવસાન થતાં ગાંધીનરમાં સેકટર-૫ના ખોડીયાર મંદિરે તા. ૨૨મી એપ્રિલના સાંજે ૭ વાગે અખિલ ગુજરાત ચારણ - ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગર, આઈશ્રી ખોડીયાર મંદિર પરિવાર અને દેવીપાણ ગાન સભાના સંયુકત ઉપકમે સ્વ. શ્રી હરસુર ગઢવીને શ્રધ્ધાંજલિ પાઠવવા માટે શ્રધ્ધાંજલિ બેઠક રાખવામાં આવી છે. જેમાં ગાંધીનગરના ગઢવી સમાજને હાજર રહેવા શ્રી ભરતભાઈ કવિ તરફથી જાણ કરવામાં આવી છે.

રાયપુરના ફાર્મ હાઉસમાં તસ્કરોનો હાથફેરો : ૨.૧૨ લાખની મત્તા ચોરી

મકાનની પાછળની જાળી તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા સુટકેસ અને કપડાં એરંડાના ખેતરમાંથી મળ્યાં

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લાના રાયપુર ગામમાં સ્થિત એક ખેતરના ફાર્મ હાઉસમાં ગત રાત્રિ દરમિયાન તસ્કરોએ હાથફેરો કર્યો હતો. ચોર ઈસમો મકાનના પાછળના ભાગની જાળી તોડી અંદર પ્રવેશ્યા હતા. આ દરમિયાન તસ્કરોએ સોના ચાંદીના દાગીના તેમજ રૂ. ૭૦હજારની રોકડ મળી કુલ ૨.૧૨ લાખની મત્તાની ચોરી કરી હતી.

જિલ્લાના રાયપુર ગામમાં આવેલ ખેતરમાં સ્થિત ફાર્મ હાઉસમાં ભરતભાઈ નારણભાઈ પટેલ તેમજ તેમના પત્ની ગઈકાલે રાત્રિના સૂતા હતા તે વેળાએ જાણભેદુ તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવ્યુ હતું. તસ્કરો મકાનની પાછળના ભાગે જાળી તોડી અંદર પ્રવેશ્યા હતા. મોકાનો લાભ ઉઠાવી મકાનમાં પ્રવેશ્યા બાદ ચોર ઈસમોએ અંદરની ચીજવસ્તુઓ ફંફોસી સોના-ચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. ૨ લાખ ૧૨ હજારની મત્તાનો સફાયો કર્યો હતો. આ દરમિયાન ચોર ઈસમોએ મકાનમાંથી હાથ લાગેલી સુટકેસોની પણ ઉઠાંતરી કરી હતી. પોલીસે આજે ઘટનાસ્થળે તપાસ હાથ ધરી ત્યારે એરંડાના ખેતરમાંથી ખાલી સુટકેસો અને કપડાં પડેલા મળી આવ્યા હતા. આ અંગે મકાનમાલિક ભરતભાઈએ ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એ.આર. મોડીયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન એવા સુંદરકાંડના પાઠનું આયોજન આજે તા. ૨૨મી એપ્રિલ-૨૦૧૨ને રાત્રે ૮.૩૦ કલાકે ડૉ. ભરતભાઈ સોલંકીના નિવાસસ્થાન પ્લોટ નં. ૯૮૨/૧, સેકટર-૪-બી, ગાંધીનગર ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે. નગરજનોને આ ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા ખાસ જણાવવામાં આવ્યું છે.

આજે ધરતી દિન નિમિત્તે નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટ અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૨૨મી એપ્રિલ-૨૦૧૨ને વિશ્વ ધરતી દિન નિમિત્તે પૂનીત વન ખાતે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજપુર ગામના બાળકો દ્વારા પૂનીત વન ખાતે પર્યાવરણ જાગૃતિ અંતર્ગત 'ધરતીને આવ્યો તાવ' નૃત્ય નાટિકા રજૂ કરવામાં આવશે. ધરતી દિન નિમિત્તે યોજાનાર નૃત્ય નાટિકા નિહાળવા અને નિબંધ સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધામાં જોડાવા સૌ બાળગોપાળોને ગાંધીનગર જિલ્લાના ડી.એફ.ઓ. ભાવીનભાઈ વ્યાસ અને અંજના નિમાવત તથા આલોક બ્રહ્મભટ્ટે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

ચૌધરી ગર્લ્સ બી.સી.એ. કોલેજનો પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી ચૌધરી ગર્લ્સ બી.સી.એ. કોલેજ દ્વારા તાજેતરમાં પ્રથમ વર્ષ બી.સી.એ.ના સેમેસ્ટર-૨માં આવતા 'એન્વાયરમેન્ટલ સ્ટડીઝ' વિષય અંતર્ગત પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજની વિદ્યાર્થિનીઓને પર્યાવરણ જાગૃતિ માટે ઈન્દ્રોડા પાર્ક, ગાંધીનગરની મુલાકાત લેવડાવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ ફિલ્ડ વર્ક કરી પર્યાવરણ અંગેની જરૂરી વિગતો અને માહિતી મેળવી હતી. કોલેજના ડાયરેક્ટર પ્રશાંત વાઘેલા સહિત સમગ્ર કર્મચારીગણે વિદ્યાર્થિનીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન જહાન્વી પંડ્યા અને રૂપલ પંચાલે કર્યું હતું.

સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા ૨૪મીએ સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૨૧

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનર તરફથી આઠમો સમુહ લગ્નોત્સવ તા. ૨૪મી એપ્રિલના અખાત્રીજના દિવસે સંત શ્રી રોહિદાસજી સ્મૃતિ મંદિર સેકટર-૬માં યોજાનાર છે. જેમાં ૩૦ યુગલો પ્રભુતાં પગલાં પાડનાર છે.

બપોરે ૩ વાગે નવદંપતીઓને આશીર્વાદ આપવા માટેના સમારંભનું ઉદ્‌ઘાટન શ્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય, સમારંભના પ્રમુખ સ્થાને શ્રી જગદીશભાઈ મોતીભાઈ ચાવડા, સમારંભના મુખ્ય મહેમાન પદે શ્રી રાજુભાઈ પરમાર, સભ્ય કેન્દ્રીય અનુ.જાતિ આયોગ દિલ્હી, શ્રી મહેન્દ્રસિંહ રાણા, મેયશ્રી મહાનગર પાલિકા, ગાંધીનગર, ડૉ. સી. જે ચાવડા, પ્રમુખ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ, શ્રી આત્મારામ પરમાર, ધારાસભ્ય ગઢડા, શ્રી શૈલેષભાઈ પરમાર, ધારાસભ્ય શ્રી શહેર કોટડા, ઉપસ્થિત રહેશે. સમારંભના ઉદ્‌ઘોષક શ્રી રમણભાઈ રાઠોડ કરશે. આ ઉપરાંત અતિથિ વિશેષ પદે કાર્યકરો હાજર રહેશે.

આ સમૂહલગ્નમાં ૧૮ જેટલી ભેટ સોગાદો વિવિધ દાતાઓ તરફથી આપવામાં આવનાર છે. પાનેતર, તાંબાના બેડા, મંગલસૂત્ર, સોનાની ચુની, બાજવટ, રામણદીવો, તાંબાના કળશ, કાંસાના ભાણાં વગેરે ભેટો નવદંપતીને આપવામાં આવશે.

સમુહલગ્ન અંગે શ્રી મૂલચંદભાઈ કચરાભાઈ રાઠોડ પ્રમુખ શ્રી, સંતશ્રી રોહિદાસ સેવા સમાજ તથા શ્રી જીવણભાઈ વી. પરમાર અધ્યક્ષ, સમુહ લગ્નોત્સવ, શ્રી અનિલભાઈ પરમાર, મંત્રીશ્રી, સંત શ્રી રોહિદાસ સેવા સમાજ તથા અન્ય કારોબારી સભ્યો જહમત ઉઠાવી રહ્યાં છે.

ગાંધીનગર ચારણ-ગઢવી સમાજની હરસુર ગઢવીને ભાવભીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતના સુપ્રસિધ્ધ ચારણી સાહિત્ય અને લોકસાહિત્યના મરચી, હાસ્યકાર, પ્રખર વક્તા અને રામાયણના મર્મજ્ઞથી હરસુખભાઈ ગઢવીનું ૬૫ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે.

ચારણ સાહિત્યના સપાખરાં છંદોનું શુધ્ધ ગાન, રામાયણની ચોપાઈઓથી સુંદર પ્રસ્તુતિ અને મૌલિક હાસ્યકાર તરીકે તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા હતા.

મેધાણંદ ગઢવીના આચાર્ય પદે જૂનાગઢના લોક સાહિત્ય વિદ્યાલયના તેઓ તાલીમાર્થી હતા. સ્વ. બચુભાઈ ગઢવી, સ્વ. પ્રવીણદાન ગઢવી, શ્રી લાખાભાઈ ગઢવી,. કવિશ્રી 'દાદ' જીતુદાન ગઢવી અને શ્રી ભીખુદાન ગઢવીના તેઓ સમકાલીન લોકસાહિત્યકાર હતા. પૂ. મોરારીબાપુના તેઓ પ્રિય અને પ્રીતિપાત્ર કલાકાર હતા. ગુજરાતના જાણીતા સાહિત્યકારો અને લોકસાહિત્યકારોને પૂ. મોરારીબાપુ તેમની રામકથામાં કેન્યા (આફ્રિકા) લઈ ગયા હતા. જેમાં શ્રી હરસુખભાઈ ગઢવી પણ સામેલ હતા. ચાલુ વર્ષે 'કાગ એવોર્ડ' પણ સન્માનિત થયા હતા. આકાશવાણી, દુરદર્શન અને વિવિધ ટી.વી. ચેનલોમાં તેમનાં લોકસાહિત્યના અને હાસ્ટના અસંખ્ય કાર્યક્રમો પ્રસારિત થયા હતા. સ્વ.ની અંતિમયાત્રા પૂ.મોરારીબાપુ પણ જોડાયા હતા.

સ્વ. શ્રી હરસુર ગઢવીના નિધનથી ગુજરાતભરનાલોકસાહિત્ય ક્ષેત્રમાં તેમજ ગઢવી સમાજમાં ભારે મોટી ખોટ પડી છે. તેઓના નિધન બદલ અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગર, ચારણ પ્રગતિ મંડળ ટ્રસ્ટ, અમદાવાદ શ્રી સમસ્ત અમદાવાદ શહેરી ગઢવી સેવા સમાજ, ચારણ પ્રગતિ મંડળ કલોલ, આઈ શ્રી સોનલ એજ્યુકેશન, ટ્રસ્ટ રાજકોટ શ્રી ગઢવી સેવા સમાજ રાજકોટ, અખિલ હિંદ ચારણ સભા - દિલ્હી, મહાત્મા ઈશરદાન ચેરીટેબલ ટ્રસ્ટ ઈશરધામ આઈશ્રી ખોડિયાર મંદિર પરિવાર ગાંધીનગર તથા શ્રી સમરથદાન ઝુલા, ભરત કવિ, રવિદાન મોડ, નરહરદાન દેવા, મનહરદાન ઝાલા, શ્રી મહેશદાન ગઢવી, વસંતભાઈ ગઢવી, અજીતદાન ગઢવી, શ્રી પ્રવીણભાઈ ગઢવી, શ્રી. વી.બી.ગઢવી એ અંતઃકરણની શ્રધ્ધાંજલિ પાઠવી છે.

માનવીય સંવેદનાની ઉમદા અભિવ્યક્તિ : આત્મન્

સંબંધ સજાવે જિંદગી
હરતાં-ફરતાં સાવ અચાનક

- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

એક સારા વિચારબીજને યોગ્ય પ્રેરણા અને પ્રોત્સાહન મળે તો એ કેવા સુંદર વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરે છે અને એનાથી સમાજનેય કેટલો મોટો છાંયો મળે છે એ બાબતની સાબિતી આપતાં અનેક જીવંત ઉદાહરણો ગાંધીનગરમાં છે. આ પૈકીનું એક જ્વલંત ઉદાહરણ છે આત્મન્ ફાઉન્ડેશન.

જિલ્લા માહિતી અધિકારી તરીકે ફરજ બજાવતાં રાજય સરકારનાં અધિકારી પ્રજ્ઞાબેન પટેલનું નામ આત્મન્ ફાઉન્ડેશન અને તેની સ્થાપના સાથે જોડાયેલું છે. ૧૯૮૯માં ૬૪ વર્ષની વયે તેમનાં પિતા આત્મારામભાઈ કાનજીભાઈ પટેલનું અવસાન થયું ત્યારે આ સંવેદનશીલ દીકરીને આઘાત લાગ્યો. લેખક અને સમાજસેવક તથા જીવનનાં તથ્યો અંગે ઊંડી સૂઝ ધરાવતા પિતાનાં દીકરી હતાં તેથી વ્યથામાંય સ્થિર તો રહ્યાં, પણ ઊંડા મનોમંથનમાં પડી ગયાં કે એવું શું કરવું કે પિતાને સાચી અંજલી આપી ગણાય ?એવું કયું કામ કર્યું ગણાય કે પિતાનો વારસો સાચવ્યો ગણાય ? એવું શું કામ કરીએ કે જે તેઓ પૂર્ણ ન કરી શક્યા ?

આ દિવસોમાં સાહિત્યકાર એવા પરિવારના એક વડીલ મિત્ર મળવા આવ્યા ને તેમણે દિલાસો આપતાં સમજાવ્યું કે, પીડાઓ તો આવવાની. એને ટર્નીંગ પોઈન્ટ બનાવીએ તો ?

મનોમંથન તો ચાલતું જ હતું, એમાં અચાનક મળેલા આ સૂચને પલીતો ચાંપવાનું કામ કર્યું ને સમાજ માટે કંઈક કરવાનો નિર્ણય થયો. પણ કરવું શું ? એ માટેય લાંબો વિચાર કર્યો. ગાંધીનગર તો પ્રવૃત્તિઓનો અડ્ડો, એટલે અહીં પ્રવૃત્તિઓ તો ઘણી થાય, પણ એવું શું કરવું જે આ પ્રવૃત્તિઓમાંય જૂદું લાગે ? એવો વિચાર કર્યો અને એમાંથી જન્મ થયો અભિવ્યક્તિ શિબિરનો. આજથી પંદર વર્ષ પહેલાં આ શિબિર પહેલી વખત યોજાઈ. બાળકો પાસેથી માત્ર ટોકન પેટે ૧૦ રૂા. ફી લેવામાં આવી. પણ વિચાર નવો હતો અને ગમી જાય એવો પણ. તેથી બહેન-બનેવી, ભાઈ-ભાભી ઉપરાંત મિત્રો પણ આપમેળે જ સહાયમાં આવી ગયા. કોઈએ સંચાલનની જવાબદારી ઉપાડી લીધી તો કોઈએ નાસ્તાની. શિબિર સફળ રહ્યો અને પછી તો જાણ્યા-અજાણ્યા વ્યક્તિઓ ઉપરાંત શિબિરમાં આવતાં બાળકોના વાલીઓ પણ સમયાંતરે વિવિધ સહાય આપવા લાગ્યા ને શિબિર શિરસ્તો બની ગઈ.

એ પછી કોઈ સ્નેહીએ એવું સૂચવ્યું કે સંસ્થાનું ગઠન હોવું જોઈએ, તેથી લાંબા વિચારને અંતે સંસ્થાની રચના કરી, નોંધણી કરાવી. નામ આપ્યું 'આત્મન્' ફાઉન્ડેશન(એક સંવેદનશીલ દીકરીની પિતાને ઉમદા અંજલી !). સંસ્થા માટે કાર્યક્ષેત્ર પણ છેક છેવાડાનું પસંદ કર્યું. સેક્ટર-૧ ઉના ઝૂંપડવાસમાં જઈને અનૌપચારિક ધોરણે ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કર્યું, પછી ત્યાંની મહિલાઓને સમજાવીને સ્વરોજગારી આપવાનું શરૂ કર્યું. એ પછી સેક્ટર-૨૪ના ઝૂંપડવાસ સુધી પ્રવૃત્તિઓ વિસ્તારી ને એમ કરતાં પ્રવૃત્તિઓનો વ્યાપ રાજયના છેવાડાના વિસ્તારો સુધી પહોંચ્યો. આજેય સેવાનો એ ક્રમ પ્રસિદ્ધિના કોઈ જ પીઠબળ વિના ચાલુ જ છે. આજેય સંસ્થાએ એટલી સંવેદનશીલતા જાળવી છે કે કોઈ વ્યક્તિ સમાજસેવા માટે કંઈ કરવા માંગતી હોય તો સંસ્થા એને સઘળી સહાય કરે છે. જાણે માનવીમાં આવેલા સારા વિચારબીજને પ્રેરણા અને પ્રોત્સાહન આપવું એ સંસ્થાનો મૂળ હેતુ ન હોય !

ગરીબ બાળકોને દીવાળી નિમિત્તે નવાં કપડાં, ઉનાળામાં ચપ્પલ, શિયાળામાં ગરમ કપડાં, વાર-તહેવારે ભોજન ને એવી તો અનેક પ્રવૃત્તિઓ ચાલતી જ રહી ને ચાલ્યા પણ કરે છે.

આ સેવાકીય પ્રવૃત્તિઓમાંય અનેક લોકોની અનેક પ્રકારની સહાય મળતી ગઈ ને આજેય મળે છે. એવાય નાગરિકો છે આ શહેરમાં કે જેઓ પોતાની આવકમાંથી એક ચોક્કસ હિસ્સો સમાજસેવાની પ્રવૃત્તિઓ માટે સંસ્થાને ભેટ ધરી દે છે, કોઈ પ્રસંગોપાત કે વડીલોની તિથિ નિમિત્તે દાન-પુણ્યના હેતુથી સહાય કરે છે તો કોઈ નિજાનંદ માટે. પણ સહાયનું ઝરણું સૂકાયું હોય એવું ક્યારેય બન્યું નથી.

એ જ કારણે સંસ્થા વધુ ને વધુ નવીનતમ કાર્યક્રમો પણ આપતી થઈ. ઝૂંપડવાસનાં બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ 'નાની આંખો ભીનાં હૈયાં' અને 'ફૂલ ફોરમના ટહૂકા' તથા પારિવારિક સંબંધોને મજબૂત બનાવતો કાર્યક્રમ 'સાસુ મારી મા, વહુ મારી દીકરી' એ સંસ્થાના યાદગાર કાર્યક્રમો છે.

દર વર્ષે વિદ્યાર્થીઓ માટે વાંચન શિબિર અને વાર્તા કથન શિબિર જેવી સાહિત્યની પ્રવૃત્તિઓ પણ સંસ્થા નિયમિત ચલાવે છે. પુસ્તકોની કિંમતમાં અધધ કહી શકાય એવું મોટું વળતર આપતો એક વિશાળ પુસ્તક મેળો પણ એના કાર્ય ઈતિહાસમાં સુવર્ણ પૃષ્ઠે લખાયેલો છે.

'હું સંસ્થા ચલાવું છું એવું મને ક્યારેય નથી લાગ્યું એટલી લોકોની સહાય મળી છે. મારો તો માત્ર વિચાર હતો, એને વાસ્તવિક રૂપ આપીને પ્રવૃત્તિમાં પલટાવ્યો છે મારા સ્નેહીઓ, મિત્રો અને ગાંધીનગરના અનેક સમાજસેવી નાગરિકોએ. મુરબ્બી શ્રી અને શ્રીમતી એચ બી વરિયા, કૃષ્ણકાન્ત જહા, ભરત કવિ, હસમુખ મેંકવાન, સુધા શુકલ, વિક્રમ જાની, સી એલ મહેતા, રાજુ વૈષ્ણવ, જયશ્રી ખેતીયા, તુષાર દવે અને એવા કેટલાય સંવેદનશીલ સહાયકોનાં નામો આત્મન સાથે જોડાયેલાં છે અને હજુય જોડાતાં જ રહે છે.'

એ બધી સેવાકીય પ્રવૃત્તિઓ વચ્ચેય પહેલી પ્રવૃત્તિ એટલે બાળકો માટે જ યોજાતી 'અભિવ્યક્તિ' શિબિર તો કાયમ જ રહી છે. આજથી ૧૬મી અભિવ્યક્તિ શિબિરનો આરંભ થઈ રહ્યો છે. એને જુઓ તો યાદ કરજો કે બાળકોની આંતરિક શક્તિઓની અભિવ્યક્તિ તો એ છે જ, પરંતુ માનવીય સંવેદનાની પણ એ સુંદર અભિવ્યક્તિ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭

સૂર્યાસ્ત : ૦૭.૦૧

તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૦.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૮ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૨.૩૦

વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

હેટ સ્ટોરી : ૫.૩૦

સ્ક્રીન-૩ : બેટલશીપ (હિન્દી) : ૧૧.૦૦, ૭.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧.૧૫, ૪.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૩.૦૦, ૫.૩૦

હેટ સ્ટોરી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૪૫, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : હેટ સ્ટોરી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

હેટ સ્ટોરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીતના સૌગંધ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘ ગાંધીનગર દ્વારા બપોરે ૧.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ
- સાંજે ૪.૦૦ કલાકે અનુસૂચિત જાતિ એકતા મંચ ગાંધીનગર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે 'ભીમ ગીતો' નામક કાર્યક્રમ અને કેશવલાલ મકવાણા લિખિત 'દિક્ષા ભૂમિ નાગપુરના સંસ્મરણો' પુસ્તકનું વિમોચન.

ટાઉન હોલ

- અખિલ ગુજરાત હાર્ડવેર એસોશિએશન દ્વારા મિટીંગનું આયોજન સવારે ૯.૦૦ કલાકે

સામાજિક

- વનશ્રી ટ્રસ્ટ અને વન વિભાગના ઉપકમે નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન પુનિતવન, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. સાંજે ૫.૦૦ કલાકે રાજપુરના બાળકો દ્વારા 'ધરતીને આવ્યો તાવ' વિષય પર નૃત્ય નાટિકા રજૂ કરવામાં આવશે.

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : નોકરીયાત વર્ગ માટે આ દિવસ શુભ દાયિત્વ બની રહે. ધંધાર્થી વર્ગ માટે ઉન્નતિના માર્ગ માટે સહાયતા મળે. વિવાદાસ્પદ ભૂમિકાથી દુર રહેવું.

વૃષભ : વાહન ચલાવતા ધ્યાનસ્થ રહેવું. તે આપના માટે હિતકારક છે. સામાજિક ચિંતા હળવી બને. ભૌતિક સુખ માટે આગવી પ્રતિભા પ્રાપ્ત થાય.

મિથુન : કાયદાકીય રીતે ગૂચવાયેલ પ્રશ્નોનું સમાધાન થાય. સંતાન સબંધિત ચિંતાઓ દુર થતી જણાય. આપના કાર્યક્ષેત્રે સમય પ્રગતિકારક બની રહે.

કર્ક : સ્વાથ્ય સબંધિત સુખાકારી જળવાઈ રહે. ગૃહસ્થાશ્રમ તરફ જનારા યુવક-યુવતીને જીવન સાથી માટે પસંદગી માટે શુભ સમય કહેવાય. યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

સિંહ : સંતાન સબંધિત પ્રતિકુળતા જણાય. સામાજિક આપત્તિ આવવાનો અણસાર મળે અને જવાબદારીઓના ભાર નીચે દબાતા આર્થિક વ્યય થતો જણાય.

કન્યા : જુના મિત્રો- સ્નેહીજનોને મળવાની ઈચ્છામાં પરિપૂર્ણતા જણાય. આપનો આ સમય ખુબ આનંદોત્સવ અને કાર્ય સિધ્ધિમાં પૂર્ણતા આવે.

તુલા : આજીવિકા ક્ષેત્રે નવા આર્થિક વૃધ્ધિના પરિબળો સાકાર થતા જણાય. કૌટુંબિજનો સાથે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આવક કરતાં જાવકમાં વધારો ન થાય તેની કાળજી લેવી.

વૃશ્ચિક : ભાગ્યોદયમાં ઉજ્જવળતાના ચિહ્નોના દર્શન થાય. નિરાશા જનક પરિસ્થિતિમાં રાહત મળે અને વિલંબિત થયેલા કાર્યમાં ઉકેલ આવે.

ધન : સ્વાસ્થય બાબતે વડિલ વર્ગ તરફથી આકસ્મિત નાણાંકીય ખર્ચ આવવાની શકયતા જણાય. નોકરીયાત વર્ગને ઉપલા અધિકારીઓથી સાચવવું. વાદ વિવાદમાં ન ઉતરવું.

મકર : સામાજિક ક્ષેત્રમાં કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવી જાય. ભૌતિક ક્ષેત્રમાં સુખ સમૃધ્ધિમાં વૃધ્ધિ થતી જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે